શ્રીગણેશાય નમઃ

નિર્દય-નીરો.

નાટકનો ટુંક સાર તથા ગાયનો.

રચનાર અને પ્રસિદ્ધ કરનાર,

મોહનલાલ ગોકળદાસ સુથાર.

શ્રી સુર્યવિજય નાટક મંડળી

ના માલીક.

આવૃત્તી ૧ લી. પ્રત ૨૦૦૦.

વિક્રમાર્ક સં૰ ૧૯૭૩, ઇ૰ સને ૧૯૧૭.

આ ચોપડી મુંબઈના અબદુલકરીમ હેબતભાઈ એ
ભરકરાયા મરાઠી. ચાલ નંબર ૩. મુંબઈમાં,
માં "તાજેમી" છાપખાનામાં શ્રી સુર્યવિજય નાટક મંડળી
ના માલીક માટે છાપી છે.

કિંમત ૨ આના.

લેખકના બે બોલ.

મુંબઈની માનવંતી અને કદરદાન પ્રજા સમક્ષ હું યુવાન મારો આ ત્રીજો નાટક લઈ રજુ થાઉં છું તો આશાછે કે મને મારા પ્રયાશમાં ફતેહ મળશે કહું છું કહેતો હતો ને કહીસ કે

થશે ધાર્યું કૃપાળુંનું કરે દુનીયાં કુબુધ્ધી તોય
કરી માફી નીરખજો સઉ ભુલચુક બાળની જો હોય

વળી વડીલ જ્ઞાતીબંધુ મરહુમ સાક્ષાર ડાહ્યાભાઈ ધોળશાજી કહી ગયા છે કે,

ટાળ્યા નહીરે ટળે કરમે લખ્યું જે મળે

એ બોલને વળગી રહી આજ થોડાક સમય થયાં હું મારી શકતી મુજબ થોડું ઘણું નાટક લખવાનું કામ જાણું છું વળી પોકાર કરીને અરજ કરૂં છું કે હું કાંઈ મહાન કવી નથી તેમ વીદવાન લેખક પણ નથી માત્ર મારા થોડાક સમય નાટકી લાઈનના અનુભવને લઈને ખેલ લખી શકું છું તો આશા છે કે અમારૂ કાર્ય ફતેહને વાવટે ચડાવી યશના દુદંભી નાદથી પ્રકાશમાં લાવશોજી.

લેખક એમ. જી. યુવાન,
શ્રી ભુજ વિજય નાટક મંડળીના માલેક.

(ગજલ)

અરે ઓ ભાઈ સ્વદેશી તમો દીલગીર કાં થાઓ;
કરમાયા મુખનું કારણ અમોને રહેજ દર્શાવો.
તમેને ચીજ શું જોવે નથી મન માનતી મળતી
ખુલાસો આપ આપોને મંગાવું ટેલીફોનથી.

અમારા ભાગ્યના દેવી ઘણાં દીલગીર આજે છે.
નીહાળી નીર્મળા નેત્રે સુવાસી તેલ માગે છે.
ફર્યો હું બાર બજારે હાટે હાટે શ્રમ—ઉઠાવીને
રસીલું નામ નિર્મળ તેલ દેવાની કબુલત છે.

રહો બે બાટલી બાકી ધરી દેવ મંદીરે જાઓ,
રીઝાવો વિમળા દેવી સુવાસિક નિર્મળાં આપો.
ધરા નવ ખંડ ઘેરી છે ઝુલે છે જોગીઓ જેમાં
ગગનથી અપ્સરા માગે મધુરું છે અમી તેમાં.

થયું'તું નૃત્ય પાંડવ શીવનું દેવે......સમર્પ્યું છે,
સુજાવી નિર્મળા અમીએ કનૈયા કાન અર્પ્યું છે.
બધાં દેવેન્દ્ર ને દેવો મનોહર ચાંદની ધરીયો
તેને શીરે બીરાજ્યું છે અમારી એ કબુલત છે.

વિયોગી યોગી ને ભોગી થઇ ભેળા ભ્રમે પડતા.
લગાડી મેં હીની છેલ્લે ગયું ક્યાં રુઉ તને રટતા.
અમારાં કામ નિરમળ છે અમારાં નામ નિરમળ છે
અમારું તેલ નિરમળ છે તમોને કેમ લાગે છે.

હવે અમારા નીરમળ હેર ઓઇલ માંટે વીશેષ ખાત્રી આપવાની જરૂર નથી કારણ કે મોટા બીગલો ફુંકી વંતગો ઉડાવવાને અમો સદા અશક્ત છીએ તો વાઇટ ઓઇલની ભેલ વગરનું અમારું નીર્મળ હેર ઓઇલ ફકત એકજ વખત વાપ વાને ખાશ ભલામણ છે

કીંમત રૂ. ૧. કાગળ લખવાથી સેમ્પલ મફત.

લખો શ્રી લખનોવ ટ્રેડીંગ કુંo

હોરનબી રોડ, મુંબઇ નંબર ૭.

નાટકનો ટુંક સાર.

રોમના જુલમગાર બાદશાહ નીરદય નીરોનો નાહનો ભાઇ ફ્રેન્ટોમસ બાળપણાથી પોતાનું કુટુંબ છોડી ગયા બાદ વીકટ પહાડોમાં પોતાના દીવસો નીરગમન કરે છે બાદ શહેનશાહ નીરોને હાથે અંજાણપણામાં તેનો હાથ વીંધાય છે સરદારોની તકરારમાં નીદ્રાવશ થયલ ફ્રેન્ટોમસ જાગતાં મસ્તાનને પોતાને થએલા જખમની ખબર રહેતી નથી. તેમ એકએકની ઓળખાણ પણ પડતી નથી બાદ પોતાનો સરદાર બનાવી સાથે લઇ જતાં વજીર રેકેમ્બેલથી અનાચાર કરતી નીચ બેગમ ફ્રેન્ટોમસ ઊપર મતી ભ્રષ્ટ થાય છે. દારૂમાં ગુલતાન રહેલ જુલમ-ગાર બાદશાહને કુલીન બેગમ ખુબ ભરમાવે છે અને ફ્રેન્ટોમસ ઉપર પોતાની સાથે પ્યાર કરવાનું અનેકવાર સુચવે છે છતાં નેકીબાજ ફ્રેન્ટોમસ રંડાનો તીરસ્કારજ કરે છે બગચામાં બેગમે પાળી પોશી મોટી કરેલી જુલીયા તથા શહેનશાહના હાથથી ઉછરેલ માઇકલ બંનેનો મેળાપ થાય છે. પરસપર પ્રેમ કરતાં બેગમ નજરે જોઇ ક્રોધે ભરાય છે અને પ્રેમી જોડાને તેમ કરતા ના કહે છે અને એકએકના દીલ જુદા કરવા સુચવે છે છતાં બાળકો ઇન્કારથી બેગમનું અપમાન કરે છે, બાદ (પ્રસકાઇબ્ડ) ધર્મ ગુરૂ કલાબસર દુનીઆને સદબોધ આપી રહયો છે તે જાણ થતાં બાદશાહ તેને તેની દીકરી સરસા તથા બાળક જેકબ સાથે પકડી મંગાવે છે અને અનેક પ્રકારના જુલમો ગુજારે છે નેકીબાજ ફ્રેન્ટોમસ તેમને હરવખત તમામના ખુદા એક છે એમ સુચવે છે. નીચ રેકેમ્બેલની ઊશકેરણીથી બાદશાહ જેકબને યંત્રમાં હાથ પગ ખેંચી હંટરવડે માર મારવા ફ્રેન્ટોમસ ઉપર હુકમ લખી મોકલે છે બાદ તેમ કરતાં પણ પાછો પડે છે અને કલાબસર પંથના તમામ માણસોના હાથ પગને જીભો કાપી નાખવા હુકમ કરે છે અને નીરદેષને હેરાન કરતાં રેકેમ્બેલને ફ્રેન્ટોમસ બોધ આપી ગરીબોને બચાવે છે બેગમને રેકેમબેલના કાવત્રાંથી ફ્રેન્ટોમસ સાથે ત્રણેને વાઘના મોઢામાં આપે છે ગરીબોના ઘાત થતાં ફ્રેન્ટોમસ પોતાના બાહુબળથી અને વાંત્રિના લેખથી બચી જાય છે. બાદશાહ ઘણોજ ખુશી થાય છે અને રેકેમબેલ તથા બેગમને ધીક્કારી કાઢે છે બાદ

બેગમ તથા રોકમબોલ શાહનું ખુન કરવાનું કાવતરૂં રચી નેકીબાજ ફેન્ટોમસ તથા રાજ્ય વારસ માઇકલને ગુન્હેગાર ઠરાવી બંધીખાને નાખે છે બાદ પોતાનું કુ.ળુ કર્મ પુત્ર આમળ જાહેર ન થાય તેટલા માટે તે માઇકલને છુટો કરેછે. નેકી ને બદીના વાદવીવાદમાં ફેન્ટોમસ બેડી તોડી પસાર થાય છે અને માઇકલને બેગમ તથા રોકમબોલ સાથે અનાચાર કરે છે તે જાણુ થાય છે રોકમબોલ તથા બેગમ સમ જી જઇ બંને જણને મારવા એકદંડીઆ મહેલમાં ઉતારો આપી મહેલ સુરંગથી ઉરાડી દેવા પ્રયત્ન કરે છે મહેલમાં આગ લાગતાં ફેન્ટોમસ આવી બંનેને બચાવે છે અને બાળકોને દરીયા મારગે રવાના કરી રોકમબોલને મારીને તેનો પોશાક ધારણ કરે છે બેગમ અજાણ પણામાં તેને રોકમબોલ જાણે છે અને પોતાનું પેટ ખોલી દે છે બાદ દરીયામાં તણાતા બાળકો જોન કેલે જવાહનને મળે છે તે તેને રાજ્ય સત્તા પાછી અપાવવાની પ્રતીજ્ઞા કરે છે અને બેગમને લેટર લખી પોતાની છાવણીમાં બોલાવે છે ધારણ કરેલા રોકમબોલના પોશાકમાં ફેન્ટોમસ પણ જાય છે, વાદવીવાદમાં તકરાર થાય છે ભેદ ખુલ્લો પડે છે અને રાજ્ય વારસ માઇકલને પોતાના[illegible]પાળક પિતાની સાક્ષી મળે છે પીશાચણી બેગમ પોતાને હાથે આપઘાત કરે છે અને અંતે ધર્મજય ને પાપે ક્ષય એ કહેવત સાચી ઠરે છે.

કોમીક

હોરમસજી થરમામીટર તથા મવાલી કોલાબાગેપ બંને એકજ શીકલના હોવાથી બાનુ દીલચસ્મ પોતાના ધણીને ભુલી જાય છે બોય ને મેરીની ખટપટથી બાનુ તથા ચકરમોના મોંઢા રંગાય છે અને એક એકમાં બહુ ગુચવારો થાય છે આખર ભેદ ભરમ ખુલ્લો થઇ જાય છે દીલચસ્મ પસ્તાય છે પોતાની બેઅદબી માટે માફી માગે છે.

લેખક મોહનલાલ ગોકળદાસ યુવાન

શ્રી ભુજવિજય નાટક મંડળીના માલેક.

(એકવાર વ્યવહાર કરીને જુઓ તો ખરા)

હમારે ત્યાં સર્વે જાતના મોટા અને નાહના ઠાકોરજીના ક્રીટ મુગટ, સંગાર મલે છે. વરરાજાના ડરેસો, ખોટા અને ખરા ફેંટા તેમજ બનારસી સાડી, પાઘડી તથા હુમેલ, પટા અને છતરીઓ તથા તલવારો ખોટી વીગેરે વેચાતા તથા ભાડે થી મલે છે. દરેક જાતના નાટકના ડરેસો, બાલની વીગ, પરદા તથા સીનસીનેરી તઇયાર મળે છે તેમજ ઓરડર પ્રમાણે મરજી મુજબ તુરતજ બનાવી આપીએ છીએ.

જૈની ચીરંજીલાલ માલેક ભારત ભુષણ એજન્સી,

ભુલેશ્વર ત્રીજા ભોઇવાડા

નાટકના પાત્રો.

પુરૂષ વર્ગ,

નિર્દય નીરો	....	.... રોમનો જુલમગાર બાદશાહ.
રોકેમ્બોલ	....	.... તેનો નીમકહરામ વજીર.
ફ્રેન્ટોમસ	....	.... નીરાનો ઓરમાન ભાઈ.
માઇકલ	....	.... નીરાના હાથથી ઉછરેલો કુમાર.
સ્કોટ, સ્વીડન	....	.... સરદારના પુત્ર.
કલાઈસર	....	.... (એસુ ખ્રીસ્થને માનનાર) ધર્મ ગુરૂ.
જેકબ	....	.... કલાઈસરનો પુત્ર.
થરમા મીટર	....	.... હુનરબાજીમાં પાછો પડેલો ગૃહસ્થ
કોલાબાગે	....	.... મવાલી તરંગબાજ.
ઓચ	....	.... થરમા મીટરનો નોકર.

બાદ—સરદારો, કોદરજી, બહેરામજી, મનચેરજી, સીપાઈ વી. વી.

સ્ત્રી વર્ગ.

જીમન	...	રોમન શેહનશાહની રાની [બેગમ]
જુલીયાં	...	બેગમના હાથથી ઉછરેલી છોકરી.
દીલચસ્મ	...	થરમા મીટરની સ્ત્રી.
મેરી	...	દીલચસ્મની નોકર, ઓચની સ્ત્રી.
સરસા	...	કલાઈસરની પુત્રી.

બાદ—વારાંગના, સાહેલીઓ, નાયકા, દાસીઓ, વીગેરે વીગેરે.

સ્થળ—રોમ જેરૂસલમ આસપાશની હદ્દ.

ॐ तत्सत् परमात्मनेनमः

મંગળાચરણ.

ઝાળાઓ— ભજન ૧

ધ્યાની ગ્યાની તારે શરણ પ્રભુ
ઘટ ઘટ વ્યાપક આપ વામળ વાભૂ
અજર અમર સચરાચર સ્વામી
સાળ અમર જયકાર શરણ શંભુ
સૃષ્ટી સરજન હાર પાળક જળ સ્થળે વ્યાપી રહ્યા,
છે નામ જગ મુખે ઘણાં સૈકન્ત રૂપ આપે ધર્યાં
દેખે છે દુનીયા નવ નવા રંગે સ્થળે સ્થળ સંચર્યાં,
દાતા.........જગ.......જય..... વિખ્યાતા. ધ્યાની.

ઝાળાઓ— ૨

ભેદને અભેદ કોઈ દી ન માનજો
રામને રહેમાન એક છે પીછાણજો
સૃષ્ટી સરજનહાર કૃષ્ણને કરીમ જો
એક રૂપ એક રંગ તેહને નીહાળજો
કાબને કાશીમાં ફેર નહી જાણજો
ચોખ્ખાને અંતર છે એક હર્ષે માનજો
છે મનુષ્ય સર્વે કોમ અલગ એ પ્રમાણજો. ભેદને.

દીલચરમ— ૩

મારા રૂપથી રંગથી મનના ઉમંગથી મહોબતથી હાળુ ભુપાળને
નયન ભાળે નવાણું ભલભલા સૌ સ્વાધીન થાય પ્રેમ જાળને.
કોઈ લટકાળી ચાલમાં લોભએ
ગોરા ગાલોના ચુંબને તણાએ
રતન શીખર નીહાળે સ્નેહથી
એઇ જે'ખે વીમાસીઆ વળને

બેહુ-ગરી ૪

આવોઆવોરસીલા મોજઉડાવો આશકના દુભાવો બાવાજી બારથી આવશે
જા જા. દુર જા, ચાલ્યને નફટ. હરામી લંપટ રાખના કપટ. આવે, આવો.

ખબરદાર કરી જો તે લીધું નામ હવે મારૂં,
પીવું છે પાણી પ્રેમનું છો હોય એ ખારૂં.
બાવાઓ મોજ ખુબ કરી હવે આપણો વારો,
ખુશી દે માન થાય આશક માશુકનો વધારો. આવો.

જીમન—દાસી— ૫

દર્દે મુંજાય જીવ જાય અરેરે શું કરૂં
રોમે રોમે વ્યાપ્યો અનંગ હાય ઝુરી હું મરૂં

ધરો ધીર બહેની શાન્તી થાએ દોડો દોડો જાઓ સખી જટ લાઓ
કોણ પ્રીતમ પ્રાણ હા ચતુર સુજાણ.
લાવો લાવો લાડકળા પ્રીતમ પ્રાણને
રસ ઘેલા રસીલા કરાવો પાનને
મરી ઝંખી ઘડી પળ વાર, બની વ્યાકુળ અતી પીહવળ

નાયકા— ૬

કાન સે લાગી નયન હમારી
બોરી સાંવરી સુરતપે લુભાની—કાહના.
જો સચ પુછો તો હમરે પર કાહનાકી સરદારી
ગોકુળમેં હમ બસતહે હરદમ કરત કાના છેડ મોરી.

કોલાઆલેપ- ૭

પોઝીશનમાં ફરવું દમમાં, સુલતાન બની રહેવું રમમાં
છળ બળ કળ બલથી ખાવું પીવું રોજે હોટલમાં.
હા હા, દામતણી પરવા નહી કરતાં મોજ ઉડાવીશું જગમાં,
ઇજ્જતને ઓશકે મુકી છો દુનીયા ગણતી દમમાં.
બનીને મોટા ખરીદી ગાડી બનાવી દુનીયાં લાવીશું લાડી,
સરકારી વારંટ છો રે અગાડી થશું પાછળથી પોબાર
આ. હા. હા. હા. હા. હા. હા

બરમામીટર—દીલચરમ— ૮

ઓ લવ, ઓલવ, વેલ આર યુ ગોઇંગસર
ડીયર ભુલે કરતા નહી જલદી લઇ આવો જઇ કેપ,
ઓલરાઇટ હુ ચાલ્યો વ્હાલી નહી કરતાં વીક્ષેપ
ફેસ બન્યો છે કેવો સુદર ઉજળો આઇવરી બ્લેક,
શું બનાવો શું બનાવો હા હા હા હા હા હા હા

ફ્રેન્ટોમસ— ૯

નીચ જનોના નીચતા છોડે
ખલ જન ખલતામાં પ્રીતી જોડે. " નીચ
કુકર્મ બહું તેઅ કરતા પાપ ભાર શીર ઉપર ભરતા
પ્રભુથી નહી લેશ ડરતા નીચ જનોના નીચતા છોડે

મેરી—કોલાબ્રા— ૧૦

જોરમાં જણાય મન મુજાય આગ થાય,
અરરર જીવ જાય.......................
મારા અંતરમાં કાંઇ કાંઇ થાય દીલ આ દુઆય તન તણાય
હાય...હાય...........................
કહેવાઇ ના બાઇને ફરીયાદ, દીયે નહી શેઠ કાંઇ દાદ
ઊભો જુએ વ્હાલો તમારી આ વાટ
મન મુંજાય કાંઈ થાય હાય...હાય...હાય......

મેરી—કોલાબા— ૧૧

ચાલ ચટકતી મટકતી માહરી દે બેસો દીલ જાન,
પ્રીત પાનમાં મહોકાણમાં મારૂ કહેવું માન
હું ફરવાની ગાડી પીડે હવાજન મોટરકાર
ઉટે બેસી શાદી કરશું છોના હો ઘરબાર
ડીયર દુઃખ દીલના ટાળી દયો, આવો કરો સુખ પાન
વીસ્કી બ્રાન્ડી પીઉં મોસંબી પણ નાણાની તાણુ
ઇજ્જત ખાય હવામાં ઝોકાં દુનીયાથી તકરાર
બેલીફ રોજે ઘર ઢુંઢે છે વારંટ લઇને ચાર .

સરદાર—

૧૨

નભતી નથી ન નભશે કાયમ સદાએ શાહી
રહેતી નથી ન રહેશે ફુરનાઈ બાદશાહી
પહોંચ્યા હજુરે વલી લઈ બન્ને હાથ ખાલી
સીકંદરો સીધાવ્યા, મુકી તમામ આહી
હુકુમત થતા હજારો કંપે જમાનો સારો
મુફલીસ હો માલદારો રહેશે ન સાથ પાઈ
કોન ભલા કે બુરા ભરતા હો પાપ કુંડા
સંતો મહંત ચાલ્યા, દેવા જવાબ ત્યાંહી

જુલીયા—

૧૩

મોહે લાગી મદન અગન અંગમાં
જીવ જાયે શખી પ્રેમ જગમાં
એમ......હા......બેન......હા
કરી વ્યાકુળ મને પળ પળ અહી સતાવીને
બની બેહાલ એની આપો સુખ લાવીને
મરી જાય જાય અરરર હાય......
શાન્ત બેન......શાન્ત......મોટે......

જુલીયા—

૧૪

સખી સ્વપ્નની બલીહારી કહું છું તને વીસ્તારી
રાત્રી વહેતી કારી આવ્યા જીવન વનમાળી
સુંબન કરી મુજને જગાડી ધાંધલ કરી ખેંચી મુજ સાડી
બીહની હું બોળા કાંઇ ન બોલી કસથી તુટી ગઈ ચોળી રહાલે કરી
બરજોરી

ઘડી ઘડી વળગે સમજે ન કાંઇ સ્વેહથી વશ ગયા બીંજાઈ
ગયા સતાવી જીવન હાવી ત્યાં તો આંખ ઊઘડી ગઇ મારી

આવ્યા જીવન વનમાળી

જુલીયા તથા સખીઓ— ગાયન ૧૫ રાસડો.

વાટમાં ગુમાવ્યું મેં તો મોની,મોતી હું તો ચાલુ મારગડે મોતીહો મનહારી
મોહનજી વાટમાં ગુમાવ્યું મેં તો મોતી.

શખીઓની સાથમાં અજવાળી રાતમાં આનંદે આવતી હોતી
વાલા વીયોગની વાતમાં ને વાતમાં મળે જોઉં તો માળા નહોતી રે—મન
પતી પણ નહી આવ્યા હજુ વીરહે જીવડો જાય
શોધું કયાં જઈ એમને હશે કયાં મુજ રાય
સુના સુના મહેલ બધા દેખાય જાણે કોઈ આમથી ખાવા ધાય
જાણે કોઇ આમથી ખાવા ધાય

મેના રહી પીંજર મહી ગભરાય પીયુ વીણ કોણુ સમે રહી ખાય
ઉપાધી નાથ વીના નહી જાય

સરખી સાહેલી પણ ના ગમે ધન્ય બેની તમને
આવો ને ઉતાવળી સીદને આપો દુઃખ
લાખ દરદમાં ડુબતી તમે દેવી સૌ સુખ

શામળીયા શીદ સંકટ આપો હવે મુજથી ન વીરહે ખમાયે
વેલા વેલા આવો વ્હાલા, પ્રાણથી અધીક પ્રીય રાય રસીકવર મારા.
વીપત હરનારા જીવન જય કારા
વાદળી વાલી બોલ તું દેખાયે કંઇ પ્રાણ
જો તે મુજને નહિ મળે તો જાશે મુજ જાન
સખીઓની સાથમાં અજવાળી રાતમાં, વાટમાં ગુમાવ્યું મેં તો મોતી

જુલીયા-માઇકલ— ૧૬

ધીરી ધીરી શાણી સખી અધીરી તું શાને હવે થઇ
રસીલી ગઇ રંગીલી ગઇ. પ્યારા આ રહી
જાવ, જાવ, આવ, આવ.
જાવ, દયોને રસીલા રે, ઘેલાં શીદ કરો, જાવા દયોને
વારે, વારે, વારે કેવા ઢોંગ કરે મન મુંજાતું આરે
રહેવા દયોની છબીલી રે, રીસ શાને કરો રહેવા દયોને
મંતો ભાવ ધરી છેટા જાવ જરી નાં દેવાંશી પરી...ધીરી,

બો.—મે—   ૧૭

જા જા નકટા દુર જાવું, હવે વ્હાલી નહિ શરમાવું,
ડીયર દલમાં દુઃખ થાવુ. પીશું બ્રાન્ડી બીર રાવુ
મોટરમાં જાશુ ગોપાટા, રાખીશું બોય બહુ ઘાટી.
ડાણુવાલને દઇ દાટી શુ, ગેટ આઉટ નો મની
દમમાં ઘરબાર જમાવી, ટ્રંક એક ચાર લઇ આવી,
ટેબલપર કપોય બીછાવી, મોજે કરશું મન ભાવી.

સા—રે—ક—રે—   ૧૮

હરી કોપ શો કર્યો આજે, દુખીઆરાપર દયા કરો
ઘરથી નીકળી જગલ ચાલ્યા આગ થઇ ત્યાં મલ્યા કરો
જુઓ વાડ વેલાને ખાશે, ક્યાં જાશે નાશી બાપડો
ધરતી માતા કોપ કરે ત્યાં નીરાધારનો થાય મરો
સમજો.........દાતા.................સમજો
ન સંભળાય ફેરી દયા કર, મારો જીવ ગભરાય છે
ફ્રેન્ટ મસ વીલંબ થાય છે   હા, હોશીયાર
કરે કોપ જો ઇશ્વર હાથે, આપી આશ્રય પ્રેમ જરો
કાપી હાથ પગ ને યત્રોમાં, કહે કે બાળક હરો ફરો
સમજો... . ...દાતા.................સમજો
દુર, દુર.........હો...................દયા દયા
ધર્મ સંકટમાં પડયો કેમ થાશે ભુખ હરમ
બાળ બચાવીને ધરો જગમાં દાતા નામ
સુજ પડે ના શું કરૂં, કેમ કરૂં ઘનસ્યામ
વાર કરો શા કારણે, પહોંચાડી દે ધામ
સમજો........ ...દાતા ....સમજો

અંક પેહેલો સમાપ્ત.

અંક બીજો.

બુલબુલ— ૧૯

અરજ સુણોને મોરી શાવરીયા
સ્યામ સુંદીર વર મોરા રે
નાહક નહિ દૂભાવ સલુણાં
કરૂ વીનતી કર જોડ પ્રાયે
દદ સમાવ રહી પ્યાસી મંય
પાય પડુ પ્રીય તારેરે

બો—મે—કો—હી—ય— ૨૦

માયડીયર જાની કરો શું નાદાની બોય બહાર કાઢ તું
ડીયર કમ લોન, ચલાવ ગોઓન
વ્હાલા મોજ કરો મનમાનાં, કાંઇ ન બોલો મારા સમ
હું બનવાનો વીસ્કી બેવડો તું બન દુટેલી ટંમટંમ
હું બનવાની માલ ગાડી તું જે આઇ પીનું ઇજીન
મળી ભેગી આચટણી રોટી, લાલ સુત કાળી ડાકણ
ચાલ હટ જાન ફ્ટ આઇનકો

જુલીયા—માઇકલ— ૨૧

કરી પ્રેમથી પીછાણ દયા લાવી દીલજાન
માહરા મહેરબાન
તજી તરકટ તોફાન જીતી લીધા જબાન
ખરેખર ખાનદાન માહરા મહેરબાન
ખીલતી કળી શમાન ખુબ ખીલશું
જોબન જંગમાં જીવન સાથ માહલશું
પ્રીય તમ પ્રાણ સાથે રંગે ચાલશું.
દઇ આલીંગન અધર અમર ચુમશું.
જાવ. જાવ. શરમાવ
ચાળા ચશકાને કરતા કરતા રાખો ભાન...કરી

સોરઠા— ૨૨

જગથી કરી જુદાઇ, છુપે ભવિશ્ય ખોયા
રાવણ સમાન રાજા આખર જમીનમાં સોયા
કહેતી મુખેથી દુનિયા, ખમા ખમા પધારો.
છોડી સંખ્યા ચાલ્યા, સ્નેહી સગાં ન જોયાં,
કીચકએ કાળ વોર્યો, દુર્યોધને દુખાઇ
ભામા સ્વધર્મ સાચી હાથે સુખો ડુબાયા
સ્તાદીસો સાહુકારો હો અમીર કે ગરીબો
નેકી ગુમાઇ હાથે, જોઇ જમીનમાં સોયા.

વારાંગના— ૨૩

મોહનીયાં નયન મત વાલે, માર મોહે ચાલે(૨)
માર મોહે ચાલે (૨) બોરસ રંગ બીને મોહનીયાં
બાંકી સુરત મેરી કોમલ બૈયા જાઓજી સૈયાં
મરડો નહીં છેલ છલૈયા નૈન મત વાલે
પતલી કમર મોરી. નાજુક છતીયાં–મોહે નહી છેડો દીનરતીયાં
જલત મોરાજીયા દુલૈયા નૈન મતવાલે

બા. ધ. દિ— ૨૪

શોખ કરો પુરો મન ભાવ્યો વાહ વાહ. રસ્તો ઠીક બતાવ્યો
બેટો જઇ પ્યારી દીલધાર, આહા, હા. હા, બેશરમને બતાવુ સાર
જો ઓ લેશ તમે નહી ડરતા, જવાબ દેજો મરતા મરતા.
પહેલાં શાન્ત કરો જઇ થાર, આહા, હા હા બેશરમને બતાવું સાર
સાચવી જજો જાળવી તમે ધીરે ધીરે અરરરર હા બસ હા.
કરી ડ્રેસ પીસ પોટવાઇન ઉંચો, ખોલીશું પનીધારી બ્રાન્ડીનાજુરો
લગાવો જઇ માહાપર કુચો જુઓ લવમેટર સાખો કેવો.
હા. હા, હા હા.

સરસા— ૨૫

દયા દીલમાં લાવો, ગીહવળને ઝેર ના પાવો,
કરી અભીમાન ના ફાવો, ગયા જ્ઞાની અને રાવો.
મુછે લીંબુ હતા જેના, થયા બેહાલ પણ તેના
શીકંદર ને શહેનશાહો, મુકી ચાલ્યા બધો દાવો,
ખરૂં છે ખરૂં છે શાન્તી દેવી તમારૂ તમામ કહેવું ખરૂ છે.
બસ શું જાવો છો. ચલાવ, હોશીઆર ઓ ખુદા.
જરેજર જીંદગી ચાલી, મુકી ચાલ્યા બધા દાવો
હતા બહાદર ઉમરાવો, મુકી ચાલ્યા બધા દાવો.
તેથી શું નથી કરતા કાંઇ, બતાવો શું સફાઇ
લઇ લ્યો કાળ જાવું છે ભલાઇ ભાઇ ભલાઇ
બસ ચુપ ચલાવ, ચલાવ
કરો ના હાથ પગ જુદા, હીસાબો માગશે ખુદા,
કર્યું પૂન દાન બતાવો—થશે તે વાર પસ્તાવો.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

કેરોબસ— ૨૭

વીંધાએ જીગર મૂઆએ અતી (૨)
પડે ના સમજ મારી હારી મતી (૨)
અરેરે નીંદમાં સુજરાવ નથી
નારીની ગતીને નીહાળી નતી (૨)
માહરથી સુરતી નથી નથી કામની કાંઇ આશામાં
શીવ દે તું શદમતી આભારા છે દીન મારના

ભેરવ— ૨૮

સલુણા સીદ દે તરછોડી, શું ન મેરી
અમુલ્ય માનવ દેહ મળ્યો, તે કયાં ગુમાવ્યો ભોળી.
પ્રીતમ પ્રાણ મરૂં જંખી કર રહેમ રસીલા થોડી
પર ની માત શમાન ગણું હું તુંરે જીવન દોરી
પતી સેવા કર પ્રેમે જાહને, માની મારૂં ચકોરી
નારી ગાય શમાન ગણી, પ્રીય ખુન્નાવ લાગતી હોળી
નીચ વ્યભીચારે મતા જો, કંસકે વીભુતી ચોળી
આશાવંતી હું અબળાને કાં નાખે તું રોળી
તારી પાપે ભલા ભલા ભીખ માગે ઝાલી ઝોળી

આસકઝ—જુધીયા— ૨૯

મારી રમણી રસીલી આ રાધીકા
આ કાનને રજા હવે રહેમથી આપશો
વ્હાલા જાદુઇ વાંસળી વગાડીને
ઘેલડી આ ગોપી બનાવી કાના કયાં જશો
મનહર મેલી આમ એકલી
અરે અળબેલી બની ગઇ શું ઘેલી મારી.

૩૦

ડીયર ડોળી રસીલા હું કમાઇ હાય
માશુકો ખાએ ભુલ ગણી બદલો આશકનો થાય
ખાઇ પીને કરીશું મહજો રસીલા જાન
થઇ ગઈ એક માશુકને બે આશકોની મહોકાણ
મળી તીજોરી તગદીરની પણ કુચી ખુદાને હાથે છે
લ્હેજત કરશું મન માની પણ મોતનુ ગકકર માથે છે
ગોટાળે કાટ ઘણો વાળ્યો કાઢયું સહુ સાત્યનાશ
પણ આખર સહુ એક થયાં વ્હાલી રહેજે તુ પાસ

ડાબર ભૂલ હવે નહી ખાશું તમ થાશો ના નીરાશ
પાડોશી પકવાનો ખાશે ઘરના ખાશે છાસ
હીપ હીપ હુરે હુરે.

ફે.—ચૈ—મા—જુ— ૩૧

ગજના ગુણુવર દાતાર, ઉગાર્યો બાળકને
દેશે બદલો કીરતાર પ્રાણી પાળકને
તમ થયો શતરૂ સંસાર તમારો થશે શતરૂ સંસાર
હતો જનો આધાર હમારે તે નીકળ્યા ચંડાળ.
મારૂં પળમાં નથી બાળકો કોઇ તમારૂં પડો જાવ
જળમાં. મારૂં પળમાં

ફ્રેન્ડોમસ ૩૨

ચીન નીત નકટા નીચ નઠારા, સંપ જોઈ ડરતા.
કુટીલો કૂર કૃત્ય કરતા.
કુસંપે પાંન્ડવો લડીયા, કલેશથી કઉરવો મરીયા.
કુસંપથી પૃથુરાજે નીજ રાજ ગુમાવ્યું હાથથી.
જયચંદ તણા સંતાપથી
જગની ભ્રાતથી ભટકી પીનાથી પુત્રીઓ લડતી
કુસંપથી લક્ષ્મા લુટાએ હીન્દ છોડી જાતી......ચીન.

સમાપ્ત